 **CC No: 3753 /2025**

દાહોદ ના મે ચીફ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રી ના કોર્ટ માં

**આંક ૧ લગત હુકમ**

**આરોપી : ૧ રાકેશ ખુમાન ભાભોર**

**SEC 585 BNS**

**નોધ : આરોપી ને વગર બજે પ્રોસેસ આંક ૨ થી ૪**

૧. એપીપી શ્રી ને સાંભળ્યા. **આ કેસ મા ઉપરોક્ત આરોપી ને પ્રોસેસ કાઢવા છતાં મળી આવતા નથી.ઘણા પ્રોસેસો વગર બજે પરત આવેલ છે. કેસ જુનો છે.** તથા આ કામે લોક અદાલતા ના સ્પેશીયલ સીટીગમા વધુ ને વધુ કેસો ડીસ્પોઝ નીકાલ કરવા નુ ડાયરેકશન છે. અને કેસ સમંસ ટાંયેબલ છે. મુજબ અત્રે ની અદાલતે ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૫૧ થી ૨૫૯ ના પ્રબંધો બંધનકર્તા રહે છે.

વળી આ કેસ ખુબ જુનો છે. નામ સુકો નાં HUSSAIN VS UNION OF INDIA ના જજમેન્ટ તથા D2912-13/2017 Dt- 2/5/2017 ના તથા તે અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટ નો સને ૨૦૧૭ નો પરિપત્ર જોતાં પણ આ કામે પણ આ કામે પણ પાંચ વર્ષ જુનાં કેસો સત્વરે કેંસલ કરવાનુ સુંચન છે. વળી લોક અદાલત મા ખુબ કેસો નીકાલ કરવાનુ જીએસએલએસએ તથા નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટે નુ ડાયરેકશન છે.

૨. ઉપરોક્ત ગુનો રેકર્ડ જોતાં આક્ષેપિત ગુનો એ જુનો કેસ સંબધે છે

નામદાર સુપ્રિમ કોર્ટ AIR 2012 SC3217 **Rajan Dwivedi Vs CBI The Director With** Ac Sudevananada Avadhutha Versus CBI Through The Director Genereal ના ચુકાદમાં ઠરાવ છે કે ક્રિમીનલ કોર્ટો એ ઉચીત કેસો માં ફોજદારી કાર્યરીતી અધિનીયમ ની કલમ ૨૫૮, ૩૦૯, ૩૧૧ ના પાવર્સ ન્યાયનાં હીત મા વાપરવા જોઈએ. જેમાં નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે The criminal Courts should excersice their available powers, such as those under sec 309, 311, 258 of the Code of criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial judge can prove to tbe better protector of such right than any guidelines. In appropriate cases, Jurisdiction of the High court under sec 482 CrPC and Article 226 227 of the Constitution can be invoked seeking appropiate relief or suitable directions .

૩. આ ઉપરાંત નામ બોમ્બે હાઈકોર્ટે **Mulchand Motilal Raka Vs Maharastra 1996(2) Crimes Pg 177 Bom** ધ્યાને લેતાં ઠરાવેલ છે કે Sec 258 of the Code of which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situation, where the presence of accused persons can not be secured or presence of any important witness can not be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or otheras herein above stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Sec 258 of the Code can be resorted to where the special or unusal circumstances exists, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner. as procedure under the Code, the provisions of Sec 258 of the Code be resorted to."

૪. આ કામે બાળકિશોર કે તેના વાદી જામીનદાર લાંબા સમયથી મળી આવેલ નથી તેમને અત્રેના મેજીસ્ટ્રેટ તથા અગાઉના મેજીસ્ટ્રેટ સાહેબશ્રી દવારા પણ વારંવાર પ્રોસેસો કાઢવા છતાં પ્રોસીકયુશને તેની હાજરી સીકયોર કરાવી શકેલ નથી અને કોર્ટમાં હાજર રખાવી શકેલ નથી. આ કામે **નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા ૨૦૦૯ ક્રાઈમ્સ એસ.સી. પાના ન. ૪૨૧ રેણુકા વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા** તથા તે મુજબના અન્ય ચુકાદાઓ જોતાં પણ તે મુજબ જો ફરિયાદ પક્ષ લાંબા સમય સુધી કેસ સંબંધેની કાર્યવાહી ચલાવવા નિષ્ફળ

CJM DAHOD

જાય તો તે સંબંધે જો કેસ સમન્સ ટ્રાયેબલ કાર્યરીતીથી હોય તો સી.આર.પી.સી. ૧૯૭૩ ની કલમ ૨૫૮ મુજબ પ્રોસીડીંગ્ઝ ડ્રાયપ કરી શકાય જેથી હાલના કેસમાં પણ આંક. ના વોરન્ટ પૈસેસ પરના શેરા જોતાં તથા એ.પી.પીને સાંભળ્યા છતાં ડ્રોપ પ્રોસીડિંગ્ઝ કરવુ એ ન્યાયોચિત જણાય છે. વળી, સદરહુ એમેન્ડમેન્ટની કલમ ૧૪ પેટા કલમ–૨ મુજબ પણ વધુમાં વધુ છ માસ માં ટ્રાયલ પુરી ન થાય તો પ્રોસીડિંગ્ઝ ડ્રોપ કરવાની જોગવાઈ છે. જેથી નીચે મુજબ નો હુકમ કરાવમાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**૧ જે મુજબ પણ સી.આર.પી.સી., ૧૯૭૩ ની કલમ ૨૫૮ રીડ વીથ બીએનએસએસ કલમ ૨૮૦ મુજબ આરોપી ઉપરોકત પર આ કેસ ઉપર જણાવેલ કલમો માટે મુજબ હાલના કેસનું પ્રોસીડિંગ્ઝ ડ્રોપ કરવાનો હુકમ કરવામાં આવે છે. ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ ૨૫૮ તળે આરોપી સામેની હાલ ની કાર્યવાહી સ્થગીત કરી આરોપી ને તેમની વિરૂધ્ધ નાં ગુના માંથી બીન તહોમત છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.**

**૨. મુદ્દામાલ દાવ પર લાગેલ નાણા સરકાર સ્યાત કરવા. અન્ય મુદ્દામાલ માટે વચગાળા નો હુકમ કાયમી રાખવો. તથા અન્ય મુદ્દામાલ તક શ્રી એ હકકદાર વ્યક્તિ ને આપવુ. તથા તક વધુ માર્ગદર્શન મેળવી શકશે.**
**૩ જો આરોપી ફરી મળી આવે તો નામ સુકોનાં રેણુકા નાં જજમેન્ટ તથા કલમ ૩૦૦(૫) નો બાધ ન આવતો હોઈ ફરીથી ટ્રાયલ ની કાર્યવાહી થઈ શકશે.** *આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.*

તા : **14/3/2026**
<u>દાહોદ</u>

ડબલ્યુ આર મલીક
જીજે ૦૧૧૪૪
સી જે એમ કોર્ટ <u>દાહોદ</u> સ્પેશીયલ સીટીગ ઓફ મેજીસ્ટ્રેટ

સ્ટેનો
રાજુ